
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ ચૌદસ મંગળવાર ૨૮ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૩૫

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

# વિદ્યાર્થી સામેના કેસ પાછા ન ખેંચો તો ફરી આંદોલન : CJP

## પેપર લીક વિરોધી સુધારા બિલ લોકસભામાં રજૂ, આજે છ કલાકની ચર્ચા થશે

**નવી દિલ્હી, તા. 27 (PTI):** જાહેર પરીક્ષાઓમાં પેપર લીક અને ગેરરીતિઓ અટકાવવા માટે વધુ કડક જોગવાઈઓ ધરાવતું 'જાહેર પરીક્ષા (અનુચિત સાધનોની રોકથામ) સુધારા બિલ-2026' સોમવારે લોકસભામાં રજૂ કરવામાં આવ્યું. બિલ પર મંગળવારે લોકસભામાં છ કલાકની ચર્ચા થશે. જરૂર પડશે તો ચર્ચાનો સમય વધારવામાં આવશે. કેન્દ્રીય રાજ્યમંત્રી જિતેન્દ્ર સિંહે રજૂ કરેલા બિલમાં પેપર લીકના કેસોની તપાસ બે મહિનામાં પૂર્ણ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. સામાન્ય પેપર લીક અથવા પરીક્ષામાં ગેરરીતિ કરનારને ઓછામાં ઓછી પાંચ વર્ષ અને વધુમાં વધુ 10 વર્ષની જેલ તેમજ રૂ. 50 લાખ સુધીના દંડની જોગવાઈ છે. જ્યારે સંગઠિત ગુનામાં ઓછામાં ઓછી સાત વર્ષની સજા અને રૂ. 10 કરોડ સુધીના દંડની જોગવાઈ રાખવામાં આવી છે. બિલ મુજબ તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને વિશેષ

...અનુસંધાન પાના 13 પર

**FIR** પાછી ખેંચવા મામલે સરકાર આજે લેખિત ખાતરી ન આપે તો ફરી આંદોલન કરવાની ચીમકી

**કપિલ** સિબલે કાનૂની સહાયતા માટે રૂ. 1 કરોડનું આર્થિક યોગદાન આપ્યું

**પોલીસ** અત્યાચારના વીડિયો એકત્રિત કરવા સીજેપીએ 'સાક્ષી' નામનું પોર્ટલ લોન્ચ કર્યું

**નવી દિલ્હી, તા. 27 (PTI):** કોકરોચ જનતા પાર્ટી (CJP)એ સોમવારે કહ્યું હતું કે વિરોધ પ્રદર્શન દરમિયાન નોંધાયેલી એફઆઈઆર પાછી ખેંચવા અને ભવિષ્યમાં કોઈ નવા કેસ ન કરવા અંગે સરકાર તરફથી લેખિત ખાતરીની રાહ જોવાઈ રહી છે. જો મંગળવાર સુધી આ લેખિત સમજૂતી નહીં મળે તો સંગઠન ફરી આંદોલન શરૂ કરવા મજબૂર બનશે.

સીજેપીના રાષ્ટ્રીય પ્રવક્તા આશુતોષ રંકાએ જણાવ્યું કે જંતર-મંતર પર 36 દિવસ ચાલેલા આંદોલન સમાપ્ત કરતા પહેલાં સરકાર સાથે ત્રીજા તબક્કાની વાતચીતમાં દેશભરના પ્રદર્શનકારો અને આયોજકો સામે નોંધાયેલી તમામ એફઆઈઆર પાછી ખેંચવા તેમજ ભવિષ્યમાં કોઈ નવા કેસ નહીં કરવાની સંમતિ થઈ હતી. આ માટે સીજેપીએ પોતાનો ડ્રાફ્ટ કરાર કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા અને જિતેન્દ્ર સિંહને સોંપ્યો હતો.

રંકાએ કહ્યું કે જો લેખિત ખાતરી નહીં મળે અને આંદોલન દરમિયાન ધરપકડ કરાયેલા લોકોને છોડવામાં નહીં આવે તો સંગઠન ફરી વિરોધ પ્રદર્શન કરશે. સીજેપીના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસે જણાવ્યું કે સરકારે મુખ્ય માગણીઓ સ્વીકારી

...અનુસંધાન પાના 13 પર

### વિવિધ રાજ્યોમાં ધરપકડ અને કડક કાયદાના આક્ષેપો

**સીજેપીના કાનૂની પ્રતિનિધિ રત્ના સિંહે દાવો કર્યો કે કાનૂની ટીમ આસામ, પશ્ચિમ બંગાળ અને બિહારમાં અટકાયત કરાયેલા લોકોને મદદ કરી રહી છે. કોલકાતામાં 11 લોકોની ધરપકડ કરવામાં આવી છે અને તેમની સામે ગુન્ડા એક્ટ જેવી સખત જોગવાઈઓ લગાવાય તેવી શક્યતા છે. બિહારના પટના, સિવાન અને છાપરામાં પ્રદર્શનકારીઓ પર 'હત્યાના પ્રયાસ'ના ગુના નોંધવામાં આવ્યા છે અને આશરે 5000 અજાણ્યા લોકો સામે કેસ દાખલ કરાયા છે.**

## જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર ભૂસ્ખલનથી 1700 ટ્રકો અટવાઇ

**ઉધમપુરમાં અમરનાથ યાત્રીઓને વન-વે માર્ગ પરથી પ્રાથમિકતાના આધારે રવાના કરાયા**

**તિરાડોની** શંકાથી ડોડા બ્રિજ બંધ કરાયો

**જમ્મુ, તા. 27 (PTI):** જમ્મુ અને કાશ્મીરમાં ઉધમપુર જિલ્લાના દેવાલ પાસે સોમવારે વહેલી સવારે ભારે ભૂસ્ખલન થતાં 250 કિ.મી. લાંબો જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ ઠપ્પ થઈ ગયો હતો. આના કારણે 1700 જેટલા ટ્રકો અને અનેક મુસાફર વાહનો અધવચ્ચે અટવાઈ પડ્યા હતા.

નેશનલ હાઈવે ઓથોરિટી (NHAI) દ્વારા કાટમાળ હટાવીને સિંગલ લેન પરથી વાહનોને ધીમે-ધીમે પસાર કરવામાં આવી રહ્યા છે, જેમાં કડક સુરક્ષા વચ્ચે 140 વાહનોના કાફલામાં બાલટાલ બેઝ કેમ્પ જઈ રહેલા ૩,૮૨૩ અમરનાથ યાત્રીઓના નવા જથ્થાને પ્રાથમિકતા અપાઈ છે.

માર્ગ સુરક્ષિત ન થાય ત્યાં સુધી મુસાફરોને આ હાઈવે પર મુસાફરી ટાળવા સલાહ આપવામાં આવી છે.



જોકે, કડક સુરક્ષા વચ્ચે 140 વાહનોના કાફલામાં બાલટાલ બેઝ કેમ્પ જઈ રહેલા ૩,૮૨૩ અમરનાથ યાત્રીઓના નવા જથ્થાને, હાઈવે પર એકતરફી (વન-વે) વાહનવ્યવહાર શરૂ કરાયા બાદ ક્ષતિગ્રસ્ત વિસ્તારમાંથી પસાર થવાની મંજૂરી આપવામાં આવી હતી.

બીજી તરફ, ડોડા જિલ્લામાં આવેલા મુખ્ય બ્રિજ 'પુલ ડોડા' પર તિરાડો દેખાતાં સુરક્ષાના ભાગરૂપે રવિવારે રાત્રે વાહનવ્યવહાર બંધ કરી દેવાયો હતો.

પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (PWD)ના ઈજનેરોએ તપાસ બાદ સ્પષ્ટ કર્યું હતું કે આ તિરાડો બાંધકામ સમયની છે, કોઈ માળખાકીય ખામી નથી. તેમ છતાં, નિષ્ણાતોની ટીમ દ્વારા છેલ્લી ચકાસણી અને લીલી ઝંડી મળ્યા બાદ જ પુલ ફરી શરૂ કરાશે.

હાલમાં વાહનોને વૈકલ્પિક ગણપત બ્રિજ તરફ વાળવામાં આવ્યા છે.

## દિલ્હી ડાયરી

### મિઝોરમમાં ઝેડપીએમ અને બીજેપી વચ્ચે સાઠગાંઠ


રાજકીય પક્ષોની રીત-ભાત પણ વિલક્ષણ હોય છે. મિઝોરમના મુખ્યમંત્રી અને જોરમ પીપલ્સ મુવમેન્ટ (ઝેડપીએમ)ના નેતા લાલદુહોમાએ ગઈ ૨૪ જૂને જ ભાજપની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) સાથેના કોઈપણ ઔપચારિક ગઠબંધનને નકારી કાઢ્યું હતું, પછી ભલે ૨૦૨૩માં તેમની પ્રાદેશિક પાર્ટી સત્તામાં આવ્યા પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ દ્વારા તેમને વારંવાર આમંત્રણ આપવામાં આવ્યું હોય. રાજ્યમાં કે કેન્દ્રમાં ઝેડપીએમ અને બીજેપી વચ્ચે કોઈ ઔપચારિક જોડાણ નથી, પરંતુ એક અચાનક થયેલા ઘટનાક્રમમાં બીજેપીના નિરૂપમ ચકમાએ ઝેડપીએમના સમર્થનથી ચકમા ઓટોનોમસ ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલના નવા ચીફ એક્ઝિક્યુટિવ મેમ્બર તરીકે શપથ લીધા. ૨૦ સભ્યોની આ કાઉન્સિલમાં ભાજપના ૧૦ અને ઝેડપીએમના નવ સભ્યો છે. આ ઘટનાક્રમે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે, રાજકારણમાં કોઈ કાયમી મિત્ર કે દુશ્મન હોતા નથી. જોકે, આ બાબતે નાગરિક સમાજના વર્તુળોમાં,

...અનુસંધાન પાના 13 પર

## ચીને ભારત સરહદ નજીક J-20 સ્ટીલ્થ ફાઈટર જેટની તૈનાતી વધારી

**સેટેલાઇટ** તસવીરોમાં હોટાન અને ડામશુંગ એરબેઝ પર 11 સ્ટેલ્થ ફાઇટર દેખાયા

**રડારમાં** સરળતાથી ન પકડાતા J-20ની સંખ્યા વધી; ચીનની હવાઈ શક્તિમાં સતત વધારો



**નવી દિલ્હી, તા. 27:** ભારતની ઉત્તરીય સરહદ સામે ચીને પોતાના એડવાન્સ J-20 'માઈટી ડ્રેગન' સ્ટીલ્થ ફાઈટર જેટની તૈનાતી નોંધપાત્ર રીતે વધારી છે. સેટેલાઈટ તસવીરો અનુસાર જૂનના અંત અને જુલાઈની શરૂઆતમાં ચીને બે એરબેઝ પર ઓછામાં ઓછા 11 J-20 તૈનાત કર્યા હતા. હોટાન એરબેઝ પર 9 જુલાઈએ સાત J-20 જોવા મળ્યા હતા. આ એરબેઝ લદ્દાખના દૌલત બેગ ઓલ્ડી એરફિલ્ડથી માત્ર 245 કિમી દૂર છે અને અત્યાર સુધી ભારત સામે ચીને એક જ એરબેઝ પર કરેલી સૌથી મોટી J-20 તૈનાતી માનવામાં આવે છે. બીજી તરફ, તિબેટના ડામશુંગ એરબેઝ પર ચાર J-20 તૈનાત હોવાનું પણ સેટેલાઈટ તસવીરોમાં જોવા મળ્યું છે.

ભૂતપૂર્વ ફાઈટર પાઈલટ અને ન્યૂસ્પેસના સહ-સ્થાપક સમીર જોશીના જણાવ્યા મુજબ, હવે ભારત સામે ઊંચાઈવાળા એરબેઝ પરથી પાંચમી પેઢીના સ્ટેલ્થ ફાઈટરનું સંચાલન ચીન માટે સામાન્ય બાબત બની ગયું છે. તેમણે જણાવ્યું કે આ સ્થિતિ ભારતીય વાયુસેનાને કાઉન્ટર-સ્ટેલ્થ સેન્સર, સંકલિત એર ડિફેન્સ અને લાંબા અંતરના હુમલાની ક્ષમતા ઝડપથી મજબૂત કરવાની જરૂરિયાત દર્શાવે છે.

J-20નું સૌથી મોટું બળ તેની સ્ટેલ્થ ટેક્નોલોજી છે. રડાર પર તેની ઓળખ ખૂબ ઓછી હોવાથી તે ભારતીય વાયુસેનાના હાલના રાફેલ સહિતના નોન-સ્ટીલ્થ વિમાનો સામે વ્યૂહાત્મક રીતે આગળ રહે છે. ભારતનું સ્વદેશી પાંચમી પેઢીનું AMCA સ્ટીલ્થ ફાઈટર હજુ વિકાસના તબક્કામાં છે અને તેની સ્ક્વોડ્રન સેવા શરૂ થવામાં ઓછામાં ઓછો એક દાયકો લાગી શકે છે.

તાજેતરના અંદાજ મુજબ ચીને અત્યાર સુધી 300થી 500 વચ્ચે J-20 વિમાન તૈયાર કરી વિવિધ વાયુસેના એકમોમાં તૈનાત કર્યા છે અને દર વર્ષે આશરે 120 જેટનું ઉત્પાદન કરી રહ્યું છે. બ્રિટનની રોયલ યુનાઈટેડ સર્વિસિસ ઈન્સ્ટિટ્યૂટના અંદાજ મુજબ 2030 સુધી ચીન પાસે આશરે 1,000 J-20 વિમાન હોઈ શકે છે.

ભારતીય વાયુસેના પાસે હાલમાં બે સ્ક્વોડ્રનમાં કુલ 36 રાફેલ વિમાન

...અનુસંધાન પાના 13 પર

## વિરોધ પ્રદર્શન બંધારણીય અધિકાર, પોલીસનો બળ પ્રયોગ અયોગ્ય : સુપ્રીમ

**વિદ્યાર્થીઓ** પર કથિત પોલીસ અત્યાચાર અને ઘાયલ પોલીસકર્મીઓના પરિજનોની અરજીઓ પર સુપ્રીમ આજે સુનાવણી કરશે

**આંદોલન** માટે દેશભરમાં એકસમાન પ્રોટોકોલની જરૂરિયાત પર બેંચનો ભાર

**બિહારમાં** પ્રદર્શનકારીઓ સામે પોલીસે 'AK-47' નો ઉપયોગ કર્યો હોવાનો વકીલનો દાવો

**નવી દિલ્હી, તા. 27 (PTI):** સુપ્રીમ કોર્ટે સોમવારે મહત્વપૂર્ણ અવલોકન કરતા કહ્યું હતું કે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવાના અધિકારની સંપૂર્ણપણે ખાતરી આપવામાં આવી છે અને માત્ર આંદોલન થઈ રહ્યું હોવાના આધારે 'પોલીસનો અતિરેક બળ પ્રયોગ' કે 'લાઠીચાર્જ' વ્યાજબી ઠેરવી શકાય નહીં.

ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી મોહનાની બનેલી બેન્ચે સમગ્ર દેશમાં NEET પેપર લીક અને પરીક્ષાની ગેરરીતિઓ સામે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસ અતિરેકના આક્ષેપો કરતી અરજીઓ પર મંગળવારે સુનાવણી હાથ ધરવા સંમતિ આપી છે. આ સાથે જ બેન્ચે પ્રદર્શન દરમિયાન હિંસાનો ભોગ બનેલા પોલીસકર્મીઓના પરિજનો દ્વારા કરાયેલી અલગ અરજીને પણ મુખ્ય અરજીઓ સાથે સાંભળવા મંજૂરી આપી છે.

સુપ્રીમ કોર્ટે ભારપૂર્વક કહ્યું હતું કે દરેક વ્યક્તિનું જીવન મહત્વનું છે, પછી તે સામાન્ય નાગરિક હોય કે પોલીસ કર્મચારી. બેંચે નોંધ્યું હતું કે વિરોધ પ્રદર્શન માટે એક ચોક્કસ પ્રોટોકોલ અને યોગ્ય જગ્યા હોવી જોઈએ. જો આંદોલનમાં અસામાજિક તત્વો ઘૂસી જાય તો તેમની સામે કાર્યવાહી થઈ શકે, પરંતુ માત્ર આંદોલનને કારણે લાઠીચાર્જ કરવો યોગ્ય નથી. સુનાવણી દરમિયાન વકીલોએ બિહારમાં પણ વિદ્યાર્થીઓ પર પોલીસ દ્વારા અતિરેક અને કથિત રીતે ગંભીર બળપ્રયોગ કરાયો હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. વકીલ ફૌઝિયા શકીલે દાવો કર્યો હતો કે બિહારમાં પ્રદર્શનકારીઓ સામે પોલીસે 'AK-47' નો ઉપયોગ કર્યો હતો.

એક અરજીમાં જાહેર વિરોધ પ્રદર્શનો દરમિયાન પોલીસ કાર્યવાહીને નિયંત્રિત કરવા માટે દેશવ્યાપી માર્ગદર્શિકા બનાવવાની માગણી કરાઈ છે જેમાં ભીડને નિયંત્રિત કરવા માટે સાદા કપડાંમાં પોલીસ કર્મચારીઓને તૈનાત કરવા

...અનુસંધાન પાના 13 પર

## દેશમાં ટૂંક સમયમાં પ્લાસ્ટિક નોટો ચલણમાં આવશે, સરકારે મંજૂરી આપી

**RBI દ્વારા** હાલમાં ટ્રાયલ માટે એક અબજ નોટો છાપવામાં આવશે, હાલની કાગળની ચલણી નોટો પણ ચાલુ રહેશે



**નવી દિલ્હી, તા. 27 :** સરકાર તરફથી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ને લીલી ઝંડી આપવામાં આવતા દેશમાં ટૂંક સમયમાં રૂ. 10 અને 20 ની પ્લાસ્ટિકની નોટો બજારમાં જોવા મળશે. રિઝર્વ બેંક પ્લાસ્ટિક ચલણની ટ્રાયલ માટે હાલ બે અબજ નોટો છાપશે, જેમાંથી કુલ 200 કરોડ પોલિમર અથવા પ્લાસ્ટિકથી બનેલી હશે. જો ટ્રાયલ સફળ થશે, તો ભવિષ્યમાં વધુ નોટો છાપવામાં આવશે.

રિઝર્વ બેન્કને આ પ્રોજેક્ટ માટેં કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે. સોમવારે લોકસભામાં નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ આ માહિતી આપી હતી. લોકસભામાં પૂછાયેલા એક પ્રશ્નનો જવાબ આપતા, નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ)

...અનુસંધાન પાના 13 પર

## વિદ્યાર્થીઓ પર પોલીસ દમન સામે હોબાળાથી સંસદના બંને ગૃહો મોકૂફ

**લોકસભામાં** 'જાહેર પરીક્ષા સુધારા બિલ, 2026' રજૂ કરવામાં આવ્યું છતાં વિપક્ષી હંગામાને કારણે ચર્ચા અટકી

**રાજ્યસભામાં** વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ મુદ્દે અમિત શાહના નિવેદનની માગ પર વિપક્ષ અડગ

**નવી દિલ્હી, તા. 27 (PTI):** સાંસદોના સતત હંગામા અને વિરોધ પ્રદર્શનને કારણે સોમવારે સંસદના બંને ગૃહો–લોકસભા અને રાજ્યસભા–દિવસભર માટે સ્થગિત કરી દેવામાં આવ્યા હતા. દેશભરમાં NEET પેપર લીક સામે પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલા કથિત પોલીસ અત્યાચાર અંગે સરકાર પાસે જવાબની માગ સાથે વિપક્ષી સભ્યોએ ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. વિપક્ષના આ હોબાળાને કારણે પેપર લીક વિરોધી કડક સુધારા બિલ પર કોઈ ચર્ચા થઈ શકી ન હતી.

લોકસભા સવારે 11.00 વાગ્યે શરૂ થઈ હતી. પણ વિપક્ષી સાંસદો દ્વારા વારંવાર વિક્ષેપ નાંખવામાં આવતા

...અનુસંધાન પાના 13 પર

### તા. ૨૭-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 3.0 મીમી | મોસમનો ૧૩૭૪ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૧૬.૧૨ ફૂટ | આઉટફ્લો ૮૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૧.૬ સે. | ૨૭.૩ સે. | ૯૮% |

